RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 303* Date: 23.08.2023,Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બ્રિક્સ સમિટમાં ભાગ લેવા જોહાનિસબર્ગ પહોંચ્યા પીએમ મોદી, હર હર મોદીના નારા લાગ્યા



નવીદિલ્હી,તા.૨૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે મંગળવારે (૨૨ ઓગસ્ટ) સાંજે લગભગ ૫.૧૫ વાગ્યે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ પહોંચ્યા હતા. આ દરમિયાન એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.વડાપ્રધાન મોદી અહીં રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાના આમંત્રણ પર આવ્યા છે અને ૨૨ થી ૨૪ ઓગસ્ટ સુધી રોકાશે.

પીએમ મોદીના સ્વાગત માટે મોટી સંખ્યામાં ભારતીય સમુદાયના લોકો એરપોર્ટ પર હાજર હતા. આ દરમિયાન મોદીએ લોકોનું અભિવાદન કર્યું અને હાથ મિલાવ્યા હતાં.વિમાની મથકે મોદીના સમર્થનમાં પોસ્ટરો લગાવવામાં આવ્યો હતા.દક્ષિણ આફ્રિકા જતા પહેલા પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સમિટ સભ્ય દેશોને ભાવિ સહયોગના ક્ષેત્રોને ઓળખવા અને સંસ્થાકીય વિકાસનો હિસ્સો લેવા માટે ઉપયોગી તક પૂરી પાડશે. બ્રિક્સ સમૂહમાં ભારત ઉપરાંત રશિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

પીએમ મોદીએ અગાઉના ટ્વિટર પર લખ્યું, ×હું ‘બ્રિક્સ-આફ્રિકા આઉટરીચ‘ અને ‘બ્રિક્સ પ્લસ ડાયલોગ‘ કાર્યક્રમોમાં પણ ભાગ લઈશ. બ્રિક્સ સમિટ ‘ગ્લોબલ સાઉથ‘ અને વિકાસના અન્ય ક્ષેત્રોની ચિંતાના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.મોદીએ કહ્યું કે તેઓ ઘણા મહેમાન દેશો સાથે વાતચીત કરવા ઉત્સુક છે જેમને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે હું જોહાનિસબર્ગમાં હાજર કેટલાક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરવા માટે પણ ઉત્સુક છું.

બ્રિક્સ સંમેલન દરમિયાન પીએમ મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે શું ચર્ચા થશે? આ પ્રશ્ન પર વિદેશ સચિવ ક્વાત્રાએ સોમવારે (૨૧ ઓગસ્ટ) કહ્યું કે પીએમ મોદીની દ્વિપક્ષીય બેઠકો હજુ નક્કી કરવામાં આવી રહી છે.

બ્રિક્સના વિસ્તરણ અંગે ક્વાત્રાએ કહ્યું, “જ્યારે બ્રિક્સના વિસ્તરણની વાત આવે છે ત્યારે અમારો હેતુ સકારાત્મક છે. બ્રિક્સનું વિસ્તરણ એ સમિટનો મહત્વનો એજન્ડા છે. લગભગ ૨૩ દેશોએ આ ગ્રુપના સભ્યપદ માટે અરજી કરી છે. બ્રિક્સમાં સમાવિષ્ટ દેશોની કુલ વસ્તી વિશ્વની વસ્તીમાં ૪૧ ટકા, વૈશ્વિક જીડીપીમાં ૩૧.૫ ટકા અને વૈશ્વિક વેપારમાં ૧૬ ટકા યોગદાન આપે છે. બ્રાઝિલ, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા ૨૦૨૨માં ૧૬૬ મ્ઁૈંઝજી ઈવેન્ટમાં રશિયા સાથે જોડાશે અને કેટલાક સભ્યો રશિયા માટે મહત્વપૂર્ણ નિકાસ બજારો બનશે.

દક્ષિણ આફ્રિકા પછી, પીએમ મોદી તેમના ગ્રીક સમકક્ષ કિરિયાકોસ મિત્સોટાકિસના આમંત્રણ પર ૨૫ ઓગસ્ટે એથેન્સની મુલાકાત લેશે. તેમણે કહ્યું, ×મને છેલ્લા ૪૦ વર્ષમાં ગ્રીસની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય વડાપ્રધાન બનવાનું સન્માન મળશે.×

## પશ્ચિમ બંગાળની સરકારને ઝટકો: ટીએમસીના અભિષેક બેનરજીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત નહીં

નવીદિલ્હી,તા.૨૨

પશ્ચિમ બંગાળમાં શિક્ષકોની ભરતીમાં અનિયમિતતા મુદ્દે રાજ્ય સરકારને સુપ્રીમ કોર્ટ તરફથી ઝટકો મળ્યો છે. સુપ્રીમ કોર્ટે ટીમએમસીના નેતા અભિષેક બેનરજીને સીબીઆઈ (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) અને ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ની પૂછપરછમાંથી વચગાળાના રાહતમાંથી ઈનકાર કરનારા કોલકાતા હાઈ કોર્ટના આદેશને પડકારવામાં આવ્યો હતો.આ મુદ્દે પશ્ચિમ બંગાળની સરકારની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો છે. મમતા બેનરજીના ભત્રીજા અને ટીએમસી (તૃણમુલ કોંગ્રેસ)ના નેતા અભિષેક બેનરજીને શિક્ષકોની ભરતી અનિયમિતા મુદ્દે સીબીઆઈ અને ઈડી પૂછપરછ કરવા ઈચ્છતી હતી અને એની સામે પશ્ચિમ બંગાળ સરકાર હાઈ કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ તેમાં કોઈ રાહત મળી નહોતી. હાઈ કોર્ટના આદેશની વિરુદ્ધ પશ્ચિમ બંગાળની મમતા બેનરજીની સરકારે સુપ્રીમ કોર્ટમાં રાહત માટે અપીલ કરી હતી.ગયા મહિના દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કોલકાતા હાઈ કોર્ટને જણાવ્યું હતું કે આ તપાસના સંબંધમાં ૩૧ જુલાઈ સુધી અભિષેક બેનરજી વિરુદ્ધ ધરપકડ સહિત અન્ય કોઈ બળપૂર્વકની કાર્યવાહી કરે નહીં. ગયા મહિના દરમિયાન પશ્ચિમ બંગાળમાં શિક્ષકોની ભરતી કૌભાંડમાં સુપ્રીમ કોર્ટે અભિષેક બેનરજીને ઝટકો આપ્યો હતો, જ્યારે એ ઈડીની તપાસ ચાલુ રાખવા માટે હાઈ કોર્ટમાં પહોંચ્યા હતા.

## ઉત્તરાખંડ અકસ્માતમાં મોતને ભેટનાર શ્રદ્ધાળુઓની અંતિમવિધિ, સ્વજનોએ રડતા રડતા વિદાય આપી



ભાવનગર,તા.૨૨

ઉત્તરાખંડમાં ગંગોત્રી નજીક બસ દુર્ઘટનામાં ભાવનગરના ૭ લોકોના મોત નિપજ્યા હતા. જેમાં ૬ મૃતકો ના અંતિમ સંસ્કાર માટે પોતાના વતન લાવવામાં આવ્યા હતા. એક મૃતક મહિલાના અગ્નિ સંસ્કાર ઉત્તરાખંડમાં જ કરવામાં આવ્યા હતા. ત્યારે ઉત્તરાખંડથી તમામ મૃતદેહ વતન લાવવામાં આવ્યા હતા. ભાવનગર જિલ્લામાં શોકનો માહોલ છવાયો છે. આજે સવારે મૃતકોની અંતિમયાત્રામાં આખું ગામ હીબકે ચડ્યું હતું. હૈયું હચમચાવી દેતું પરિવારજનોનું આક્રંદ જોવા મળ્યુ હતું.

ઉત્તરાખંડમાં ગુજરાતી શ્રધ્ધાળુઓના અકસ્માત નડતાં ૭ ગુજરાતીઓના મોત નિપજ્યા હતા. જેમાં તમામ ભાવનગરના રહેવાસી હતી. ગત રાતે મૃતકોને ફ્લાઇટથી અમદાવાદ એરપોર્ટ ખાતે લાવવામાં આવ્યા હતા. જેના બાદ મૃતદેહોને ભાવનગર તેમના વતન ખાતે લઈ જવાયા હતા.

તરસરા ગામ ખાતે રહેતા યુવાન અનિરુદ્ધ જોશીના અંતિમસંસ્કાર તળાજા ખાતે કરવામાં આવ્યા હતા. ૩૫ વર્ષીય અનિરુદ્ધ જોશી તરસરા ગામે રાશન શોપના સંચાલક હતા. અનિરુદ્ધ જોશીને સંતાનમાં માત્ર બે પુત્રીઓ છે. ત્યારે તળાજા ખાતે યુવાનના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

તો પાલિતાણાના કરણજી ભાટીના મૃતદેહને ગામમાં લાવતા જ આખુ ગામ હીબકે ચઢ્યું હતું. ૨૯ વર્ષીય કરણજી ભાટીના ઘરે શોકનો માહોલ જોવા મળ્યો. કરણજી ભાટી ત્રણ સંતાન ના પિતા હતા બે પુત્રી અને એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી છે. કરણજી ભાટીની અંતિમ યાત્રાવિધિમાં સમસ્ત ગામલોકો જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ખાતે પ્રથમ ફ્લાઈટ મોડી રાત્રે આવી પહોંચી હતી. જેમાં કરણ ભાટી તથા અનિરુદ્ધ જોષીના મૃતદેહ સ્વજનોને રાત્રે ૯:૪૫ આસપાસ સોંપવામાં આવ્યા હતા. જયારે બીજી ફ્લાઈટ અમદાવાદ મોડી રાત્રે ૧૧:૪૫ એ આવી પહોંચી હતી, જેમાં મહુવા તાલુકાનાં દક્ષાબેન મહેતા તથા ગણપતભાઇ મહેતાના મૃતદેહને સ્વજનોને સોંપવામાં આવ્યા હતા. તો ત્રીજી ફ્લાઈટ અમદાવાદ ખાતે મોડી રાત્રે ૧:૪૫ આવી હતી, જેમાં તળાજા તાલુકાના રાજેશભાઇ મેર તથા ગીગાભાઇ ભમ્મરના મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવ્યા હતા.

## પત્નીને સેક્સની ના કહેવાનો અધિકાર, પતિને ઈચ્છા વિરૃદ્ધ સંબંધોનો હક નથી મળી જતો : સુપ્રીમ જસ્ટીસ

નવીદિલ્હી,તા.૨૨

વૈવાહિક જીવનમાં બળજબરીથી શારીરિક સંબંધોને રેપ ગણવા કે નહીં તે મુદ્દો હાલમાં સુપ્રીમ કોર્ટમાં છે, સુપ્રીમે આ મુદ્દે સરકાર પાસેથી જવાબ પણ માગ્યો છે. આગામી સમયમા આ મામલે સુપ્રીમનો મહત્વનો ચુકાદો આવી શકે છે પરંતુ તે પહેલા સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટીસ દીપક ગુપ્તાએ મેરિટલ રેપ (વૈવાહિક બળાત્કાર) પર એક મોટી ટીપ્પણી કરી છે.

જસ્ટીસ દીપક ગુપ્તાએ કહ્યું કે સ્ત્રીઓને સેક્સની ના પાડવાનો અધિકાર છે. સેક્સની પતિને ના કહેવાનો પણ તેને અધિકાર છે. ... તમે પતિ-પત્ની છો એટલે કંઈ પતિને તેની ઈચ્છા વિરૃદ્ધ શારીરિક સંબંધો બાંધવાનો અધિકાર નથી મળી જતો. તેમણે કહ્યું કે જ્યારે કોઈ મહિલા સેક્સની ના પાડે છે ત્યારે તેનો અર્થ ના એવો જ થાય છે, બીજું કંઈ નહીં. આ એક ખૂબ સરળ તર્ક છે, આપણે જુનવાણી વિચારોમાંથી બહાર આવવું પડશે.ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૭૫ મુજબ બળાત્કારમાં સંમતિ વગર મહિલા સાથે યૌન સંબંધ બનાવવા સાથે જોડાયેલા તમામ પ્રકારના યૌન શોષણનો સમાવેશ થાય છે. જો કે, કલમ ૩૭૫ના અપવાદ ૨ હેઠળ, ૧૫ વર્ષથી વધુ વયના પતિ અને પત્ની વચ્ચે જાતીય સંભોગ (જેને સ્વતંત્ર વિચારમાં ૧૮ વર્ષ તરીકે વાંચવામાં આવ્યો હતો) એ ×બળાત્કાર× નથી

## ઉત્તરાખંડમાં ભૂસ્ખલનથી ૪ના મોત : હિમાચલમાં આગામી ૪ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ

ઉત્તરાખંડના ટિહરી જિલ્લાના ચંબામાં સોમવારે ભૂસ્ખલનમાં ચાર મહિનાના બાળક સહિત ચાર લોકોના મોત થયા છે. તેમના મૃતદેહને કારમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા, જે કાટમાળ નીચે દટાઈ ગઈ હતી.ટિહરીના એસપી નવનીત સિંહ ભુલ્લરે જણાવ્યું કે અત્યાર સુધીમાં ચાર મૃતદેહ મળી આવ્યા છે અને વધુ એક ગુમ વ્યક્તિની શોધખોળ ચાલી રહી છે. કાટમાળને કારણે નવો ટિહરી-ચંબા રોડ બંધ થઈ ગયો હતો.હવામાન વિભાગે ઉત્તરાખંડના સાત જિલ્લા દેહરાદૂન, ટિહરી, પૌરી, બાગેશ્વર, ચંપાવત, નૈનીતાલ અને



ઉધમસિંહનગરમાં આજે પણ ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.બીજી તરફ હિમાચલમાં આગામી ૯૬ કલાકમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં રૂ. ૮,૦૯૯ કરોડની સરકારી અને ખાનગી સંપત્તિનો નાશ થયો છે.મધ્યપ્રદેશના ગ્વાલિયર, ચંબલ અને સાગર વિભાગમાં આગામી ૨ થી ૩ દિવસ સુધી ચોમાસુ સિસ્ટમ એક્ટિવ રહેશે. જેના કારણે કેટલીક જગ્યાએ મધ્યમથી ભારે વરસાદ પણ પડી શકે છે. ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, જબલપુર સહિત અન્ય જિલ્લાઓમાં તડકો રહેશે. અહી હળવો વરસાદ પડવાની શક્યતા છે.

## રાહુલ ગાંધી લેહમાં નિવૃત્ત સૈન્ય અધિકારીઓને મ ળ્યા:તિરંગો ફરકાવ્યો, ભારત માતા કી જયના નારા લગાવ્યા; બજારમાંથી શાકભાજી પણ ખરીદી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૨૫ ઓગસ્ટ સુધી લદ્દાખના પ્રવાસે છે. સોમવારે રાત્રે તેઓ લેહ માર્કેટમાં સેનાના નિવૃત્ત અધિકારીઓને મળ્યા હતા. રાહુલે તેમની સાથે તિરંગો ફરકાવ્યો હતો અને ભારત માતા કી જયના ??નારા પણ લગાવ્યા હતા. આ દરમિયાન બજારમાં લોકોની ભીડ ઉમટી પડી હતી.રાહુલ ગાંધી ગઈરાત્રે લેહ માર્કેટ પહોંચ્યા હતા. અહી તેમણે ફળ-શાકભાજીની ખરીદી કરી હતી. ન્યૂઝ એજન્સી છદ્મૈંએ રાહુલનો વીડિયો શેર કર્યો છે.વીડિયોમાં તે ભીડથી ઘેરાયેલો જોવા મળી રહ્યા છે. તેમણે સામાન ખરીદ્યો. થોડીવાર પછી તે શાકભાજીની દુકાને પહોંચ્યા અને ત્યાંથી શાકભાજી ખરીદી, પછી વેપારીને તેના પૈસા આપ્યા. આ પછી દુકાનદાર બાકીના રુપિયા પરત કરે છે.રાહુલ લેહ માર્કેટમાં પહોંચતા જ યુવાનોના



ટોળાએ તેમને ઘેરી લીધા હતા. ભીડમાંથી એક બાળક તેનો ઓટોગ્રાફ લેવા માટે સિક્યોરિટી કોર્ડન પાર કરીને પહોંચ્યો હતો. તેમણે બાળકને ઓટોગ્રાફ આપ્યો અને સાથે ફોટો પણ પડાવ્યો હતો.

સોમવારે તે પેંગોંગ ત્સો લેકથી બાઇક ચલાવીને ૨૬૪ કિમી દૂર ખારદુંગ લા પહોંચ્યા હતા. અહીંના સ્થાનિકોને મળ્યા અને તેમની સાથે તસવીરો પણ પડાવી હતી. રાહુલ બે દિવસીય (૧૭-૧૮ ઓગસ્ટ) પ્રવાસ પર લદ્દાખ ગયા હતા, પરંતુ ૧૮ ઓગસ્ટે તેમનો પ્રવાસ ૨૫ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવ્યો હતો. શનિવારે (૧૯ ઓગસ્ટ) રાહુલે લદ્દાખથી પેંગોંગ ત્સો લેક સુધી બાઈક રાઈડ કરી હતી. કોંગ્રેસ નેતાએ રવિવારે (૨૦ ઓગસ્ટ) ના રોજ પેંગોંગ ત્સો તળાવના કિનારે તેમના પિતા ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રાહુલ ગાંધીએ લદ્દાખમાં ચીનની ઘૂસણખોરીનો દાવો કર્યો હતો. કોંગ્રેસ નેતાએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે એક ઈંચ પણ જમીન ગુમાવી નથી. અહીંના લોકોએ મને કહ્યું કે લદ્દાખમાં ઘૂસીને ચીને તેમની જમીન છીનવી લીધી છે.કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ રાહુલ પર વળતો પ્રહાર કરતા કહ્યું- કોંગ્રેસે હિન્દી-ચીની ભાઈચારાની માળા જપીને ભારત માતાની ભૂમિથી ૪૫ હજાર ચોરસ કિલોમીટરનો વિસ્તાર ચીનને આપ્યો.

તંત્રી લેખ......

# ભારતીય અર્થવ્યવસ્થા માટે મંગળ ગ્રહ શુભ

વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યા બાદ ભારત ૫ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનવાની તૈયારીમાં છે. દરમિયાન, વિશ્વભરની એજન્સીઓ ભારત વિશે ખૂબ જ સકારાત્મક સંકેતો આપી રહી છે. આ દરમિયાન રેટિંગ એજન્સી આઇસીઆરએએ પણ ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટી આગાહી કરી છે.આઇસીઆરએ રેટિંગ્સે મંગળવારે જાહેર કરેલા અહેવાલમાં અનુમાન લગાવ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ (એપ્રિલ-જૂન) ક્વાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) વૃદ્ધિ દર ૮.૫ ટકા સુધી પહોંચી શકે છે.

અગાઉના એટલે કે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં આર્થિક વૃદ્ધિ દર ૬.૧ ટકા હતો. રેટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે સાનુકૂળ બેઝ ઇફેક્ટ અને સર્વિસ સેક્ટરમાં સુધારાને પગલે વૃદ્ધિ મજબૂત રહેવાની ધારણા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એપ્રિલ-જૂન ૨૦૨૩ ક્વાર્ટરમાં ૮.૧ ટકાના વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો છે. આમૈં ઝઇછનો અંદાજ સેન્ટ્રલ બેંકના અંદાજ કરતા વધારે છે.આઇસીઆરએના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરે જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષના બીજા ભાગમાં પ્રતિકૂળ સ્થિતિ જોવા મળી શકે છે. તેમણે જણાવ્યું હતું કે અનિયમિત વરસાદ, એક વર્ષ પહેલાં કોમોડિટીના ભાવમાં તફાવત અને સરકારી મૂડી ખર્ચની ગતિમાં મંદી હજુ પણ છે. "જીડીપી વૃદ્ધિ મર્યાદિત રહેશે કારણ કે આપણે સંસદીય ચૂંટણી નજીક આવીશું,"

# ખેલા હોબે!!!

રાજુ રદી મારા ઘરે બારીમાંથી આવ્યો. તેને કોઈ જોતું નથી એ ચેક કરતો જાસૂસની અદાથી આવ્યો. જાસૂસ કરમચંદની જેમ ગાજરના બદલે મૂળો ચાવતા ચાવતા હકીકતમાં મૂળો ભચડતાં ભચડતાં આવ્યો. કરમચંદની જેમ હેટ પહેરી ન હતી. 'લગાન' ફિલ્મના ભુવનની જેમ ફાળિયું પહેરેલું. ધોતિયા પર ક્રિકેટના પેડ બાંધેલા હતા. હાથમાં ગ્લોવ્ઝ. બેટ જેવું ધોકણું.

" રાજુ આ શું વેશ કાઢ્યો છે"મેં અકળાઈને રાજુને પૂછ્યું.

" ગિરધરભાઇ ,પેપર વાંચ્યું?"

"હું પેપર કયાંથી વાંચું? પેપર મળે તો ને? ફેરિયો પેપર નાંખી જાય કે તુરંત જ તું પેપર બઠાવી જાય છે! મારા નસીબે તું પાડોશી (પનોતી ) ભટકાયો છે!!"મેં બળાપો કાઢ્યો.

" ગિરધરભાઇ , તેનો પણ ફાયદો છે.છાપામાં લોહી ઉકાળો થાય તેવા જ સમાચાર આવે છે. તમે તેનાથી બચો એટલે તમામ રોગોથી બચી જાઓ છો. છતાં, મને ખરી ખોટી સંભળાવો છો!!"રાજુએ નકલી ગુસ્સો કરતાં કહ્યું.

"સોરી રાજુ બોલ શું નવાજૂની છે?"

"આપણા પાડોશી દેશે ધાંસુ ટેકનિક અપનાવી છે. પાક. ના પંજાબ પ્રાંતમાં ખાનેવાલ સ્ટેડિયમમાં શાકભાજી વાવીને આત્મ નિર્ભર થવાનો સ્ટાર્ટ અપ પ્રોજેક્ટ શરૂ કર્યો છે." રાજુ ઉવાચ .

" વાહ એનાથી રૂડું શું હોય?" મેં વાતમાં ટાપશી પૂરી.

" છેલ્લા વરસોથી ક્રિકેટ ખત્મ થઈ ગયું છે. શાક પાંદડું વાવે- વેચે તો બે પાંદડે થાય તો ગ્રાઉન્ડમેન વગેરેનો પગારબગાર ચુકવી શકાય." રાજુ બોલ્યો.

" પણ રાજુ બધાએ બોર્ડની ટીકા કરી છે"

" ગિરધરભાઈ , આપણે પ્રેરણા લઇ એક સ્કીમ લાગુ કરવાની જરૂરત છે"

" કેવી સ્કીમ? રાજુ?"

"પીએમસ્ટેડિયમ શાકભાજી કેન્દ્ર"રાજુ ઉત્સાહથી બોલ્યો . પછી વધુ વિગતો આપતા કહ્યું," સ્ટેડિયમની બાઉન્ડ્રી લાઈન ફરતે કેરી ચીકુના ફસાઈ વૃક્ષો વાવીને વધારાની કમાણી કરવાની. ખેલાડી બાઉન્ડ્રી લાઇન પર તડકામાં ફિલ્ડિંગ કરવામાંથી મુક્તિ મેળવશે. દડો ન આવે ત્યારે ફળફળાદિ ખાઇને સ્ટેમિના મેળવશે"

●"વન્ડરફૂલ !રાજુ .બીજી બાબત બતાવ "

" પ્રેક્ષકોની ગેલેરીના છાપરા પર માટી પાથરી રંગબેરંગી ફૂલછોડ ઉગાડવાના. તેનાથી બે ફાયદા થશે. પ્રેક્ષકોને ગરમી ઓછી લાગશે તેમ જ બુકે, ફૂલહાર, ગુલછડીનો જંગી ખર્ચ બચાવી ક્રિકેટ બોર્ડની બેલેન્સશીટ પોઝિટિવ થશે!"

" રાજુ આ તો ઈનોવેટીવ આઈડિયા" મેં રાજુને પાનો ચડાવ્યો.

"હોકી કે ફૂટબોલના ગોલ પોસ્ટની પાછળ ગુલમહોર,ચંપો,અશોક જેવા ફૂલોના વૃક્ષ વાવેતર કરવાનું . સ્ટેડિયમની એસ્થેસ્ટિક વેલ્યુ વધી જશે."

"હમમ"

"બાસ્કેટ બોલના ગ્રાઉન્ડમાં બાસ્કેટ બોલના પોલ પાછળ તાડ, ખજૂરી, નારિયેળ વાવવાના.મેદાનની શોભા વધશે તેમજ ખેલાડીઓને સવારે પૌષ્ટિક નીરો પીવા મળશે,ખજૂર જેવું ન્યુટ્રિટયુશ ફૂડ સપ્લિમેન્ટ મળશે" રાજુના દિમાગમાં આખી સ્કીમ હતી, બોલો!! મેં કહ્યું,તું તારી સ્કીમ પેટન્ટ કરાવી ખેલ મંત્રાલયને મોકલી આપ. મારા સૂચનથી નાની વહુની માફક રિસાઈને રાજુ ભાગી ગયો!!

લાગે છે કે ખેલા હોબે!!!

ભરત વૈષ્ણવ

# રસોડાનો ધ્વનિવૈભવ !!

સમારવું, કાપવું, છીણવું, ખાંડવું, ગુંદવું, પીસવું, દળવું-ભરડવું, ફીણવું, વલોવવું, ભેળવવું વગેરે ક્રિયાપદો રસોડા સાથે સંકળાયેલાં અને ખાસ ઉપકરણોની મહત્ત્વની સેવાઓ દર્શાવનારાં ક્રિયાપદો છે. એનું મહત્ત્વ ભાષાકીય તો ખરું જ પરંતુ વિશેષ તો માનવીના આરોગ્ય સાથે અને એ રીતે સમગ્ર જીવન સાથે સંકળાયેલું રહ્યું છે. એ ફક્ત ક્રિયાપદો નથી; નક્કર ક્રિયાઓમાં રુપાંતરિત થઈને રસોડા દ્વારા આખા કુટુંબને જીવન આપનારાં તત્ત્વો છે.



જુગલકિશોર વ્યાસ

– વિવિધા –

કાપવા-સમારવા માટેની છરી, છીણવા માટેની છીણી, ખાંડવા-પીસવા-ગુંદવા માટેનાં ખાંડણિયો-સાંબેલું, ખાંડણી-દસ્તો કે ખરલ; દળવા-ભરડવા માટેનાં ઘંટી-ઘંટલો; ભેળવવા-ફીણવવા-વલોવવા માટેની જેરણી કે વલોણું વગેરે ઉપકરણો રસોડાનાં અને આખા કુટુંબની વિશેષ ગમતીલી એવી ખાસ કામગીરી માટેનાં જાણીતાં, માનીતાં અને રોજબરોજનાં, સાવ હાથવગાં ઉપકરણો છે.

એ બધાં જ સાધનો એટલાં બધાં પરિચિત છે કે રસોડામાં ચાલતાં કામો વખતે જે અવાજ કે ખખડાટ થાય તેના પરથી જ ખબર પડી જાય કે રસોડામાં અત્યારે કયું કામ ચાલી રહ્યું છે, અને એ કામગીરીમાં કયું સાધન પોતાની સેવા આપી રહ્યું છે ! ઘણીવાર તો ખખડાટ પરથી જ ખબર પડી જાય કે હવે/હજી જમવાને કેટલી વાર છે ?!!

એકસરખા માપનાં શાકનાં પતિકાં કરી આપનારી ધારદાર અને ક્યારેક જોખમ પણ ઊભું કરી દેનારી છરી; જોઈતા માપની અલગ અલગ જાડાઈની પતરીઓ કરી આપતી છીણી; દેખાવે હથિયાર જેવાં લાગે (ને ક્યારેક એ રીતે વાપરી પણ શકાય !) તેવાં સાંબેલું અને દસ્તો તથા બળવાન પ્રતિસાદ જેવો રણકાર આપતી ખાંડણી; સદીઓથી આયુર્વેદ સાથે સંકળાયેલી ખરલ; બાવડાં અને કમરને કાયમ નરવાં રાખનારાં અને પોતાના મધુર ગુંજારવ વડે વહેલી સવારની મીઠી નિદ્રાને આસવ જેવું ઘેન ચડાવી દેતાં ઘંટી અને ઘંટલોપપ

ફીણના ફૂટવાનેય એનો વિશિષ્ટ ધ્વનિ હોય છે ! પણ એવાં જ ફીણને સર્જવા માટેની પ્રક્રિયાના સાધનનું નામ છે વલોણું અને જેરણી. આછા અંધારભરી વહેલી સવારમાં તાનપુરાના જેવા મીઠા સ્વરની સાથે જેની સરખામણી કરી શકાય કે પછી પહો ફાટવાના સમયની સાથે સાથે દરિયાની સાધારણ ભરતીમાં સંભળાતી છાલકો જેવા બળુકા ઘમ્મકારા સાથે જેને યાદ કરી શકાય એવું વલોણું ! અને બફાઈ ગયેલી દાળને પ્રવાહિત કરી દેનારી જેરણી –- જાણે ગદ્યનું પદ્યમાં રુપાંતર !

આ બધાં સાધનો આપણા ઉદરની ભૌતિક ક્ષુધાને શાંત કરનારાં જ ફક્ત નથી !! આ બધાંનું તો જીવનમાં એવું ને એટલું બધું મહત્ત્વનું સ્થાન રહ્યું છે કે એમાંનાં ઘણાં સાધનો અને એની સાથે જોડાયેલી ક્રિયાઓ અને એનાં જ ક્રિયાપદો સુધ્ધાં આપણા સાહિત્યમાં માનભર્યું સ્થાન પામી ચૂક્યાં છે ! આપણાં ઊર્મિકાવ્યોથી માંડીને છેક મહાકાવ્યોમાં પણ આ બધાં ઉપકરણો પ્રયોજાઈને માનવજીવનમાં એની જગ્યા કરી ચૂક્યાં છે. છરી, સાંબેલું, ઘંટી, વલોણું, ખાંડણિયો વગેરેને યાદ કરતાં જ આપણાં લોકસાહિત્યમાં ને શિષ્ટસાહિત્યમાં કોઈ ને કોઈ સ્વરૂપે એમણે ભજવેલા ભાગનું દૃષ્ય નજર સામે આવી જશે ! છરીને કાતીલ નજર સાથે અને ધારદાર સંવાદોમાં જોડીને એની ધારદાર કામગીરી બતાવાઈ છે તો સાંબેલું એની બળુકાઈની સાથે સાથે તીવ્ર કારુણ્યના ભાવો જગવવા માટે પ્રયોજાતું રહ્યું છે. સાંબેલાનો જ સાથીદાર ખાંડણિયો તો ગુજરાતી લોકસાહિત્યમાં ચેલૈયાના જીવન સાથે અવિનાભાવી સંબંધે જોડાઈને કારુણ્ય-ભક્તિના સુરો ઘૂંટવામાં કેવો નિમિત્તરૂપ બની ચૂક્યો છે ?!!

જ્યારે ઘટીનો મધુર ગુંજારવ અને વલોણાનો ઘમ્મર ઘેરો નાદ એ અવર્ણનીય અનુભૂતિના વિષયો બની રહ્યા છે ! નાદબ્રહ્મની કંઈક ઝાંખી કરાવતા આ બધા ક્રિયાત્મક ધ્વનિ એક સમયે આપણા માટે વૈભવ હતા. પરંતુ –

વિજ્ઞાન અને ટેકનોલૉજીએ આપેલા એક આધુનિક ઉપકરણે આપણા આ ધ્વનિવૈભવને એક ઝાટકે છીનવી લીધો છે !!

(એ ઉપકરણ વિશે હવે પછી –)

જુગલકિશોર વ્યાસ

**પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા,**

# પૂજ્ય શ્રી ગાયત્રીબા અને સમસ્ત શ્રી વિહળશક્તિ ગ્રુપ દ્વારા પાર્થિલિંગ મહાદેવ બનાવવાનું આયોજન કરવામાં આવેલ



તારીખ ૨૧/૦૮/૨૦૨૩ ને શ્રાવણ માસ ના પહેલા સોમવાર ના રોજ પાળિયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા માં શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ,

પૂજ્ય શ્રી ગાયત્રીબા અને સમસ્ત શ્રી વિહળશક્તિ ગ્રુપ દ્વારા પાર્થિલિંગ મહાદેવ બનાવવાનું આયોજન કરવામાં આવેલ એમાં ખુબ જ મોટી સંખ્યામાં ગ્રુપ ના બહેનો જોડાયેલ અને ૫૧૦૦ થી વધારે પાર્થિલિંગ બનાવેલ ત્યારબાદ પાર્થેશ્વર મહાદેવ ની બ્રાહ્મણો ના મંત્રોચ્ચાર દ્વારા વિધિવિધાન પૂજા કરવામાં આવી અને મહા આરતી કરવામાં આવી ત્યારબાદ સૌ ઓમ નમઃ શિવાય ના નારા સાથે પવિત્ર ગોમા નદી માં સૌ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું આમ સવાર થી લઇ સાંજ સુધી સૌ એ શિવ ભગવાન ની પૂજા અર્ચના કરી

અહેવાલ કનુભાઈ ખાચર

## ખસે છે

પ્રણયનો કાંટો તેજગતિએ ખસે છે,
પ્રલયનો કાંટો મંથર ગતિએ ખસે છે.

સનમને મળીએ બધુ સ્થિર ભાસે છે,
સમયનો કાંટો સ્થિર ગતિએ ખસે છે!

ગાંડિવ એનું એ જ ને અર્જુન એનો એ,
વિજયનો કાંટો મંથર ગતિએ ખસે છે.

સઘળું લૂંટાઇ ગયા પછી ડહાપણ આવે,
સમજણનો કાંટો અસ્થિર ગતિએ ખસે છે!!

મત્સ્યવેધ કરી દ્રૌપદીને વરવા ચાહે ,
મત્સ્યનો કાંટો ચક્કર ગતિએ ખસે છે.

ભરત વૈષ્ણવ..૨૨.૮.૨૦૨૧

# કે આર સી માં સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી

કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ પર કાંદિવલી વ્યાયામ મંદિર દ્વારા સંચાલિત કાંદિવલી રિક્રીએશન કલબ (કે આર સી) દ્વારા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં કે આર સીની કમિટીના ભૂતપૂર્વ સભ્ય નવીન સંપટના હસ્તે ધ્વજ લહેરાવાયો હતો. આ પ્રસંગે કે આર સી ના ટ્રસ્ટીઓ , મેનેજિંગ કમિટીના સભ્યો, સ્ટાફ અને અન્ય લોકો હાજર રહ્યા હતા.

# ઈમરજન્સીમાં મુશ્કેલી પડતી હોવાનો આક્ષેપઃનવા બની રહેલા ડેપોમાં દવાખાનું બનાવવા માગ

એસ ટી નિગમ દ્વારા જૂના બસ ડેપોને તોડીને તેની જગ્યાએ નવા બસ પોર્ટ બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે તેમાં ડ્રાઈવર, કંડક્ટર સહિતના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્યલક્ષી સેવા મળી રહે તે માટે દવાખાનું બનાવવામાં આવે તેવી માંગણી સાથે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશને એસ ટી નિગમમાં રજુઆત કરી છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા હાલમાં જૂના અને જર્જરીત એસ ટી બસ ડેપો તોડીને તેને અદ્યતન કોર્પોરેટર લુક આપવામાં આવે છે. ઉપરાંત બસ ડેપોને આવક થાય તે માટે તેને ફરતે દુકાનો બનાવીને તેને ભાડે આપવામાં આવી રહી છે. જોકે એસ ટી નિગમ દ્વારા નવા બનાવવામાં આવી રહેલા બસ ડેપોને બસ પોર્ટ નામ આપવામાં આવે છે. પરંતુ તેમાં એસ ટી નિગમના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્ય સેવા મળી રહે તે માટે દવાખાનાની કોઇ જ વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેને પરિણામે એસ ટી ડેપોના ડ્રાઈવર અને કંડક્ટર, મિકેનિકલ તેમજ વહિવટી સહિતના કર્મચારીઓને ઈમરજન્સી આરોગ્ય સેવા માટે નજીકની હોસ્પિટલ કે દવાખાનામાં જવાની ફરજ પડે છે. ત્યારે એસ ટી નિગમના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્યલક્ષી સારવાર ડેપોમાં જ મળી રહે તે માટે બસ પોર્ટમાં જ દવાખાનાની સુવિધા ઉભી કરવામાં આવે તેવી માંગણી સાથે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશને એસ ટી નિગમના ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકને રજુઆત કરી છે.

# કાશ્મીરના યુવાનો મુખ્ય પ્રવાહમાં ભળી રહ્યા છે..

કાશ્મીર પાછુ ધમધમતું થઈ રહ્યું છે ધરતી પરના આ સ્વર્ગમા ધીમે ધીમે અસલ રોનક શાનોશોકત પાછી આવી રહી છે

કાશ્મીરીઓ મુળ પ્રવાહમાં જોડાઈ રહ્યા છે જનજીવન વેપાર રોજગાર થાળે પડી રહ્યા છે

ખાસ કરીને યુવાનો જેમનું બ્રેઈન વોશિંગ કરીને જન્નતની લાલચ આપીને જે ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા એ યુવાનોની આંખો. હવે ખુલી ગઈ છે સાચી હાલત પરિસ્થિતિથી તેઓ વાકેફ થઈ રહ્યા છે.હવે તેઓ હાથમા પથ્થરો પકડતા નથી અરે કેટલાક સમજદાર યુવાનો બીજાને પણ પથ્થરો પકડવા દેતા નથી સાચી હક્કીત સમજાવે છે



બારામુલાના સીરી ગામના રહેવાસી વજાહત ફારૂક બટ એક સમયમાં કાશ્મીરમા સેન્ય પર પથ્થરો મારવામાં સામેલ હતા તે વજાહત આજે કાશ્મીરમાં સેવા યુથ સેવ ફ્યુચર એન.ઓ.જી.મારફતે ખીણના યુવાનોને સમજાવી યોગ્ય માર્ગે લાવે છે મુખ્ય પ્રવાહમાં સામેલ કરે છે.

વજાહત હવે ખીણમા શાંતિ સ્થાપવામાં વ્યસ્ત છે યુવાનોને ભેગા કરી ખીણમા વર્કશોપનું આયોજન કરે છે ખીણના અંતરીયાલ વિસ્તારમા લાયબ્રેરી ચલાવે છે અને રમતગમતની હરીફાઈનું આયોજન કરે છે યુવાનોને ડ્રગ્સથી દુર રહેવાની સલાહ આપે છે વજાહત ૨૦૧૦ થી ૨૦૧૬ દરમિયાન પથ્થરમારામાં સામેલ હતા વજાહત કહે છે કે મારાં બચપણમા અહી ચારે બાજુ ભારત વિરોધી નારા સાંભળતો હતો આવા લોકો અમારા માટે રોલ મોડલ સમાન હતા સમયની સાથે મારાં હાથોમાં ક્યારે પથ્થર આવી ગયા ખબર પડી નહી એક વાર મે સી આર પી એફના વાહનનો કાચ તોડ્યો હતો હું મરવા અને જન્નત પ્રાપ્ત કરવા જ જીવતો હતો

એક વાર બારામુલા એસ એસ પી ઈમ્તિયાઝ હુસેન સાહેબે મને એમની ઓફિસે મળવા આવવાનું કહ્યું હું હિંમત કરીને મળવા ગયો તેમને મને બેસાડ્યો ચાહ પાણી કરાવ્યા વાતચીત પૂછપરછ કરી

સરે મને એક સવાલ પૂછ્યો કે સૌથી સરળ કામ ક્યુ છે? પરંતુ મે જવાબ ના આપ્યો સરે કહ્યું સૌથી સરળ રસ્તો છે જીવ આપી દેવો હું વિચારમાં પડી ગયો જીવ આપવો કઈ રીતે સરળ હોય શકે?

સરે મને સમજાવતા કહ્યું કે લોકો મુશ્કેલીઓના જીવ આપી દે છે પુલ પરથી કૂદી પડે છે કાર નીચે આવી જાય છે આ સૌથી સરળ કામ છે ત્યાર પછી સરે મને બીજો સવાલ પૂછ્યો કે સૌથી મુશ્કેલ કામ શું છે? અને સરે જ જવાબ આપતાં કહ્યું કે જીવવું દુઃખોનો સામનો કરી જીવવું ખુબ જ પડકારજનક છે

સરની વાતે મારું જીવન બદલી નાખ્યું તે બાદ વજાહત ૨૦૧૭ મા એન.સી સી.મા સામેલ થયા હમણાં સુધી વજાહત ખીણમા અંદાજે ૧૮૦ કાર્યક્રમ કરી ચુક્યા છે અને એમના કામમાં ૩૫ હજાર થી વધુ યુવાનો જોડાઈ ચુક્યા છે

આવા જ એક કાર્યક્રમમા વજાહતની મુલાકાત ઉસ્માન સાથે થઈ ઉસ્માન જેલમાં હતો ઉસ્માનને સમજાવી મુખ્ય પ્રવાહમાં વજાહત લાવ્યા આજે ઉસ્માન વજાહતની ટ્રેનિંગ બાદ શ્રેષ્ઠ મોટીવેશનલ. સ્પીકર તરીકે સારી કામગીરી બજાવતા નજરે પડે છે ૩૩ વર્ષીય ઉસ્માન હવે ખીણમા લોકશાહી મજબુત કરે છે ઉસ્માને તાજેતરમાં પોલીસ અને વહીવટીતંત્રની મદદથી એક સુંદર લાયબ્રેરી શરૂ કરી છે હવે ઉસ્માન કાશ્મીરના ઉત્કર્ષ માટે પ્રયાસરત છે

કાશ્મીરમાં હવે કેન્દ્ર સરકારે વજાહત જેવા યુવાનોને પુરેપુરો સપોર્ટ કરી આગળ લાવવા જોઈએ તેમને આર્થિક સામાજિક મદદ કરવી જોઈએ તેમની મદદથી કાશ્મીરમા ફરી સોનાનો સુરજ ઉગી શકે છે.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# કલોલની સીન્ટેક્સ વેસ્પન કંપનીએ નોટિસ આપ્યા વગર જ કર્મચારીઓ માટે ગેટ બંધ કરી દીધા, કામદારોમાં રોષ

કલોલ ખાતેની સીન્ટેક્સ વેસ્પન ગ્રુપ દ્વારા એકાએક ૨૭૮ કામદારોને છૂટા કરી દેવામાં આવતાં કામદારોમાં વ્યાપક રોષ ભભૂકી ઉઠયો છે. કોઈપણ જાતની નોટિસ આપ્યા વિના કામદારોને છૂટા કરી દઈ કંપનીને દરવાજાને તાળાબંધી કરી દેતાં પોલીસ કાફલો પણ ઘટનાસ્થળ ઉપર દોડી ગયો છે.

કલોલ સ્થિત સીન્ટેક્સ વેસ્પન ગ્રુપ દ્વારા રાતોરાત કંપનીના દરવાજા વર્ષોથી કામ કરતા કામદારો માટે બંધ કરી દેવાતા સવારથી કામદારોએ કંપનીના તઘલઘી નિર્ણય સામે ભારે સૂત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યા છે. એક જ કંપનીમાં વર્ષોથી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા કામદારો માટે આજે એકાએક કંપનીએ કોઈ કારણ આપ્યા વિના છૂટા કરી દેવામાં આવ્યા છે.

એકસાથે ૨૭૮ કામદારોને છૂટા કરી દેવામાં આવતાં કામદારો રોડ પર આવી ગયા છે. વર્ષોથી એક જ કંપનીમાં નિષ્ઠાથી કામ કરતાં કામદારો સવારથી કંપનીના નિર્ણયથી રોષે ભરાયા છે. આજે સવારે કામદારો નોકરી ઉપર ગયા હતા. ત્યારે મુખ્ય દરવાજા થી જ તેમને અંદર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. આ મામલે કામદારોએ કંપનીના સત્તાધીશો સાથે વાત કરવાની માંગ કરી હતી. પરંતુ કોઈએ યોગ્ય પ્રત્યુત્તર આપ્યો ન હતો.

ધીમે ધીમે આ વાત વાયુવેગે પ્રસરી જતાં કંપનીમાં કામ કરતાં અન્ય કામદારો પણ કંપની ઉપર દોડી આવ્યા હતા. ત્યારે દીવાલ ઉપર ચોંટાડેલ નોટિસ જોઈને ચોંકી ઉઠ્યા હતા. એક સાથે ૨૭૮ કામદારોને ઘર ભેગા કરી દેવાતા કામદારોમાં રોષ ફેલાઈ ગયો હતો. જેનાં પગલે પોલીસ બંદોબસ્ત પણ હાલમાં ગોઠવી દેવામાં આવ્યો છે.

કામદારોએ રોષ વ્યક્ત કર્યો હતો કે, ચારેક દિવસ પહેલા મેન્ટેનન્સનાં બહાને કંપની બંધ કરી દેવામાં આવી હતી. અને ગઈકાલે કામદારોનો પગાર સહિતના ભથ્થા બારોબાર કંપનીએ ખાતામાં જમા કરાવી દીધા હતા. અને આજે સવારે વિના નોટીસ ૨૭૮ કામદારો માટે કંપનીના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. આ અંગે કામદારો યુનિયન લીડર જીગ્નેશ ભાવસારે કહ્યું હતું કે, રાતોરાત ૨૭૮ કામદારોને છૂટા કરી દેવાનો નિર્ણય યોગ્ય નથી.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. – 152
વિષય - પહેરવેશ
પ્રકાર - પદ્ય ગઝલ
શીર્ષક - પહેરવેશ
શબ્દો - ૮૭

માણસ હવે તો ઓળખાશે કેમ નોખાં વેશમાં.
માણસાઈ ક્યાં રહી છે, આજનાં પહેરવેશમાં.

આબરૂની વાતને સમજે ના હવે કોઈ અહીં,
આજ અડધા અંગ ખુલ્લા હોય છે હર દેશમાં.

એક જમાનો હતો ઓળખ થતી મળતાં તરત,
માણસ અલગ ઓળખાતો પાઘડી ને ખેસમાં,

અંગ રાખીને ઉઘાડાં શરમ મૂકી ઘૂમે ચોકમાં,
વાત સંસ્કૃતિના જતનની ક્યાં રહી છે શેષમાં.

આજ ભારતની ભૂમિ પણ ના હવે બાકી રહી,
રાખો જરા લાજ થોડી, એજ કહેવું સંદેશમાં.

દિલીપ ધોળકિયા,"શ્યામ".જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:153 વિષય: "શ્રાવણ નાં સરવૈયા" શીર્ષક:"કુદરત નો કરિશ્મા"
પ્રકાર:પધ્ય. શબ્દો:૭૦
લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

શ્રાવણ માસ નાં સરવૈયા ને માણ્યાં,કુદરત નાં કરિશ્મા થી સૂકાં હતાં ને ભીનાં થવાં નું જાણ્યાં. ભીની રેતી ની સુગંધ ને પણ માણી અને ભીનાં થવાં ની રંગત ને પણ માણી.બે ભીનાં હૈયાં ની સંગત ને પણ માણી.રોજ મૌસમ પલટાય,કુદરત ની કારીગીરી પરખાય,રોજ હૈયું હરખાય.આ વખતે શ્રાવણ નાં સરવૈયા ને માણવાં નાં માસ બે મળ્યાં.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No: 120**
પ્રકાર: પદ્ય
વિષય : શ્રાવણનાં સરેવડા
શીર્ષક : વરસાદ

ભર ચોમાસે હેલી વરસાવતો,
આષાઢી બીજે મેઘ વરસાવતો,
આષાઢ પાંચમે વીજ ચમકાવતો,
બારેમેઘ ખાંગા કરી વર્ષા વરસાવતો.

વાવાઝોડાથી વરસાવે અનરાધાર,
ધોધમાર વર્ષા વરસાવે અનરાધાર,
ત્રાહીમામ પોકારી જાય ધરતીનાં લોક,
મુશળધારે વરસતો વરસાદ અનરાધાર.

શ્રાવણ માસમાં વરસાવતો સરેવડા,
મઘા નક્ષત્રમાં વરસાવતો સરેવડા,
મચ્છરો ઉદભવતા શ્રાવણ માસમાં,
ઘડીકમાં ફરફર વરસી વરસતો સરેવડા.

ભાદરવામાં ભરપુર વરસી જતો,
નવ ખંડમાં નદીઓ વહાવી જતો,
ભાદરવો ભભૂકે તો વરસે ભરપુર,
કડાકા-ભડાકાને વીજળી ચમકાવતો,
ભાદરવો ભભૂકતાં વરસાદ વરસી જતો.

નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ઙ્ર જીજી ઙ્ઃ ૧૫૧
વિષય - શ્રાવણના સરવડા
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક -મહિનો કહેવાય છે.

શ્રાવણ માસ તો સરવડાનો મહિનો કહેવાય છે,
અનરાધાર વરસી જનારો મહિનો કહેવાય છે.

એ પ્રોઢાવસ્થામાં પ્રવેશી આડંબરી થઈ જશે,
પાકટ પ્રોઢ વયનો બનેલો મહિનો કહેવાય છે.

મન ભીંજાવતો મે'હ હૈયાને ભીંજવી જાય છે,
હૈયે આગ પ્રજળાવનારો મહિનો કહેવાય છે.

યુવક-યુવતીના પ્રણયનો સાક્ષી બની જાય છે,
પ્રણયી દિલ ઉપર રાજ કરતો મહિનો કહેવાય છે.

ભોળા ભાવના શિવજી જલ્દી પ્રસન્ન થઈ જાય છે
મહિમા ગાવ શ્રાવણ શ્રદ્ધાનો મહિનો કહેવાય છે.
અનિલ દવે. ("અનુ")

# તિબેટ સરકારના સાંસદ ડેલીગેશન ગાંધીનગરની મુલાકાતે

ચીન દ્વારા અતિક્રમણ કૈલાસ માન સરોવરની પરિસ્થિતિ ભારતના સુરક્ષાના સંદર્ભે તિબેટના સાંસદનું ડેલિગેશન ગુજરાતની વિવિધ યુનિવર્સિટી તેમજ યુવા વર્ગને જાગૃત કરવા માટે જનજાગૃતિ અભિયાન સંદર્ભે ગુજરાતની મુલાકાતે ૧૭ થી ૨૪ ઓગસ્ટ સુધી ભ્રમણ કરશે.

ગાંધીનગર ખાતે કમલા ર્નસિંગ કોલેજ અને અનંતા ર્નસિંગ કોલેજમાં 'તિબેટના ભૂતકાળ અને ભવિષ્ય' વિષય પર યોજાયેલા સંવાદમાં તિબેટીયન સાંસદના બે સભ્યોએ દોર્જી સસ્તેન કહ્યું હતું કે, ભારતની સલામતી માટે ચીનના કબ્જામાંથી તિબેટને મુક્ત કરાવવું અનિવાર્ય છે. ચીનની સામ્રાજયવાદી નીતિ અને વિસ્તારવાદી નીતિથી એશિયાના બધા જ દેશો પરેશાન છે.

આ કાર્યક્રમમાં હાજર તીબેટના સંસદ સભ્યો સેરિંગલામો અને દોરોજીને જણાવ્યું હતું કે, ભારતની સલામતી માટે પણ તિબેટને ચીનને કબ્જામાંથી મુક્ત કરાવવું અનિવાર્ય છે. વર્તમાન પરિસ્થિતિમાં તિબેટમાં ચીનનો મુકાબલો કરવો એક પડકાર છે. ચીનના લશ્કરને કારણે ત્યાં લોકો વિરોધ કરતા ડરે છે. ચીનને કારણે તિબેટની ભાષા. સંસ્કૃતિ અને ઓળખ ખતમ રહી છે. પરિવારો અલગ થઈ ગયા છે. વિખુટા પડેલા લોકોનું પરિવાર સાથે મિલન થઈ શકતું નથી. બાળકોને બુદ્ધ ધર્મના પરિચયથી વંચિત રાખવામાં આવે છે. આ ઉપરાંત તેઓને માતા-પિતાથી




દુર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમના વિષયની પસંદગી સાથે તિબેટની ભાષા, સંસ્કૃતિ અને ઇ તિહાસ શીખવાની મંજૂરી નથી. ચીન દ્વારા તિબેટના પર્યાવરણ અને કુદરતી સંપત્તિનો વિનાશ અને માનવ અધિકારીઓનું ઉલ્લંઘન કરવામાં આવે છે. સતલુજ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓનું ઉદ્ભવ સ્થાન છે. જેના પર દક્ષિણના દેશો નિર્ભર છે.

અમે દલાઈ લામાએ બતાવેલા અહિંસાના રસ્તા પર ચાલીને તિબેટની સ્વતંત્રતા માટે લડત આપવાનુ ચાલુ રાખીને એક દિવસ તિબેટ આઝાદ આશાવાદ વ્યક્ત કર્યો હતો કોર ગ્રુપ ઓફ તિબેટ કોઝના સંયોજક ડો.અમિત જ્યોતિકર એ જણાવ્યું હતું કે, તિબેટ સાથે ભારતના સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સુરક્ષાના સંબંધો છે. જેના ભૌગોલિક મહત્વને સમકાલીન સમય પર અસર કરે છે. તિબેટ અલગ દેશ હોત તો ચીન અને ભારત વચ્ચે સરહદ વિવાદ જ ના હોત. તિબેટ પર ચીને જો પોતાનો કબ્જો ના જમાવ્યો હોત તો આજે ભારત અને ચીન વચ્ચે સરહદની સમસ્યા જ ના હોત. ચીને કબ્જો કર્યો તે પહેલા ભારત અને ચીન વચ્ચે તિબેટ બફર ઝોન તરીકે કામ કરતુ હતુ.ચીનની વિસ્તારવાદી નીતિના સમયે કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ બાદ આજે ભારતની ગરિમા એક માન બિંદુ સુધી પહોંચી છે.

## સેક્ટર – ૨૧ના જાહેર શૌચાલયને SISASSS દ્વારા નવનિર્માણ કરવામાં આવ્યું.



ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકનાં સેક્ટર-૨૧, શાક માર્કેટ ખાતેનાં જાહેર શૌચાલયને કલ્પતરુ ફાઉન્ડેશન, મુંબઈનાં સહયોગથી સી.એસ.આર. અંતર્ગત SISASSS દ્વારા નવનિર્માણ કરવામાં આવ્યુ. જેનું આજે માનનીય મેયરશ્રીનાં હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તેમજ કોર્પોરેટરશ્રીઓઉપસ્થિત રહ્યા હતા. આ સાર્વજનિક શૌચાલય સંકુલની નિભાવણી અને જાળવણી સુલભ ઈન્ટરનેશનલ સ્કુલ ઓફ એક્શન સોશ્યોલોજી એન્ડ સોશ્યોલોજી ઓફ સેનિટેશન (SISASSS) દ્વારા પે એન્ડ યુઝનાં ધોરણે કરવામાં આવશે. શહેરની વધતી જતી વસ્તી અને સેક્ટર-૨૧, શાક માર્કેટ ખાતે નાગરિકોની સુવિધાને ધ્યાને રાખીને આ નવનિર્મિત શૌચાલય સંકુલમાં પુરૂષ, મહિલા, દિવ્યાંગ, બાળકો વગેરે અલગ-અલગ વિભાગ રાખવામાં આવેલ છે. આ સાર્વજનિક શૌચાલય સંકુલ શહેરનાં નાગરિકો માટે સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણનું પ્રતિક બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

## સેઢાલ ગામે રોગચાળાને આમંત્રણ આપતી તુટેલી પીવાના પીણીની પાઈપ લાઈનો

ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે ગામની અંદર આવેલી પીવાના પાણીની પાઈપ લાઈનો દશ થી બાર જગ્યાયે તુટેલી હોવાથી વરસાદનુ તેમન ગટરનુ દુષિત પાણી પીવાના પાણીમા ભળતું હોવાથી ભારે રોગચાળો થવાની ગામલોકોએ દહેશત વ્યક્ત કરી છે તેમજ સ્થાનિક ગ્રામ પંચાયતમા અનેક વાર રજૂઆત કરવા છતા જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાનુ મિડીયા સમક્ષ જણાવ્યું હતુ તેમજ શ્રાવણ મહિનાની અંદર આવતી નાગપંચમીના દિવસે બાજુમા આવેલા ખારી ધારીયાલ તેમજ ઘરમોડા ગામને જોડતો માર્ગ



હોવાથી દર્શનાર્થીઓની લાગણી દુભાય તેમ હોવાથી સત્વરે પાણીની પાઈપલાઈનનુ સમારકામ ઝડપી કરવામા આવે તેવી માગણી કરવામા આવી છે

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામે સરપંચની ટર્મ પુરી થતા ગ્રામ પંચાયતનુ સુકાન વહીવટી તલાટી કમ મંત્રી દ્વારા ચલાવવામા આવે છે ત્યારે સેઢાલ ગામની અંદર નાખવા મા આવેલ પીવાના પાણીની લાઈન દસથી બાર જગ્યાયે તુટી જવા પામી છે ત્યારે વરસાદી દુષિત પાણી પિવાના પાણીમા ભળતુ હોઈ આ બાબતે ગ્રામજનો દ્વારા સ્થાનિક ગ્રામ પંચાયતના વહીવટી અધીકારી તેમજ તલાટી કમ મંત્રીને અવારનવાર રજૂઆત કરવા છતા કોઈ યોગ્ય નિકાલન લાવતા તેમણે મિડીયા સમક્ષ રજૂઆત કરી હતી ત્યાર બાદ હવે જોવાનુ રહ્યું કે સ્થાનિક વહીવટી તંત્ર યોગ્ય પગલા લે છે કે પછી હોતી હૈ ચલતી હેઅત્રે ઉલ્લેખનીય છે કે સરપંચની ટર્મ પુરી થઈ ગયા બાદ વહીવટી અધીકારી તરીકે તલાટી કમ મંત્રી મુકાયા છે જે સમયસર સે ઢાલ ગ્રામ પંચાયત ખાતે હાજર રહેતા ન હોવાનું સેઢાલ ગામના દિવાનજી ઠાકોરે જણાવ્યુ હતુ જે બાબતની ન્યુઝ ઑફ ગાંધીનગર સમાચાર પુષ્ટી કરતુ નથીરિપોર્ટર-નિખીલ જોષી પાટણ બ્યુરો

## અમદાવાદ એજ્યુકેશન ગ્રુપે તેજસ્વી વિદ્યાર્થીઓને ટાગોર હોલ અમદાવાદ ખાતે સન્માનિત કર્યા

અમદાવાદ એજયુકેશન ગ્રૂપ એ અમદાવાદની ૪૦૦થી પણ વધુ શિક્ષણિક સઁસ્થાઓનું ગવર્મેન્ટ રજીસ્ટર એસોસિએશન છે જેની સાથે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પરોક્ષ રીતે સંકળાયેલ છે. વર્ષ દરમિયાન એઈજી દ્વારા શિક્ષણને લગતા કાર્યક્રમો જેવાકે કેરિયર સેમિનાર, ગેટ ટૂ ગેધર, એજ્યુકેશન ડાયરીનું વિમોચન, શિક્ષણ રત્ન એવોર્ડ, એન્યુઅલ જનરલ મિટિંગ, વગેરેનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવે છે. તેજ શૃંખલાને આગળ ધપાવતા આજ રોજ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ ટાગોર હોલ ખાતે યોજાયેલ હતો , જેમાં મુખ્ય મહેમાન ગુજરાત સરકારના માનનીય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટોથી સન્માનિત કર્યા હતા. તથા કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર પાવર ઓફ અબાકસના શ્રી મંગલભાઈ પટેલ સહિત એઈજી પદાધિકારીઓનું સન્માન કર્યું હતું.

આ સમારંભમાં ગુજરાત ફેડરેશનના ચીફ એડવાઈઝર અને એઈજી ચેરમેન શ્રી વિજયભાઈ મારું, પ્રમુખ શ્રી સતિષભાઈ શાહ, મહામંત્રી શ્રી મનીષ ભાઈ પંચાલ, પ્રોગ્રામ કનવિનર શ્રી મુકેશભાઈ પરમાર, ખજાનચી શ્રી મનીષ ભાઈ વ્યાસ, મીડિયા એડવાઇઝર અને ગુજરાત ફેડરેશનના ડેપ્યુટી પ્રેસીડન્ટ શ્રી હેમાંગભાઈ રાવલ, સહ ખજાનચી શ્રી સંજયભાઈ પરમાર, ચીફ એડવાઈઝર, ગુજરાત ફેડરેશનના પ્રદેશ પ્રમુખ શ્રી




ઝંકૃતભાઈ આચાર્ય, શ્રી સુહાગભાઈ પંચાલ, તેમજ શ્રી સંદિપ ભાઈ ત્રિવેદી, શ્રી રામભાઈ આહીર, શ્રી રાકેશભાઈ પરમાર, શ્રી સરજુસિહ ચૌહાણ, કો મીડિયા એડવાઈઝર નિલેશભાઈ જોશી, શ્રી દિપકભાઈ પરમાર, શ્રી બીપીનભાઈ ખંડવી, શ્રી અમિતભાઈ રાજપૂત, શ્રી કે. ડી. સર, શ્રી કેતન સર, શ્રી હેમંતભાઈ ચૌહાણ, શ્રી સમીર ગજ્જર, શ્રી મનીષ રાવલ, શ્રી પીનાકીન કામદાર તેમજ એ.ઇ.જી સભ્યો અને મોટી સંખ્યામાં વિધાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

સમગ્ર સન્માન સમારંભ નું સંચાલન શ્રી સંદીપભાઈ ત્રિવેદી તેમજ શ્રી સરજૂભાઈ ચૌહાણે કરેલ હતું.

## વડાપ્રધાનનો આત્મવિશ્વાસ કે મિથ્યા ઘમંડ?

**તાઃ ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ને મંગળવારના રોજ, આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, લાલ કિલ્લા પરથી સતત ૧૦મી વખત ધ્વજારોહણ કરીને; આપણાં દેશની શાન અને પ્રતીક સમા ત્રિરંગાને સલામી આપી હતી અને દર વર્ષની માફક લાલકિલ્લા ઉપરથી રાષ્ટ્રને સંબોધન કર્યુ હતું. વડાપ્રધાનમાં એક કુદરતી બક્ષિસ જરુર છે કે એ કોઈ પણ વિષય ઉપર કોઈપણ પ્રકારના લખાણ કે સ્ક્રિપ્ટ વગર અવિરત બોલી શકે છે. આ વખતે પોતાના રાષ્ટ્ર જોગ પ્રવચનમાં એમણે ઘણાં બધાં મુદ્દાઓ વિશે ચર્ચા કરી. પરંતુ એમણે છાતી ઠોકીને એમ પણ જણાવ્યું કે, આવતાં વર્ષે એટલે કે ૨૦૨૪ ની સાલમાં પણ આ લાલ કિલ્લા ઉપરથી હું જ રાષ્ટ્રને સંબોધિત કરીશ. આ એમની અતિશયોક્તિ છે, કારણકે ભવિષ્યમાં શું બનવાનું છે એ કોઈ જાણતું નથી. દશ મિનિટ પછી આપણું શું થવાનું છે એ આપણને ખબર નથી, પછી આવું બોલતાં પહેલાં સો વખત વિચાર કરવો પડે. નરેન્દ્રભાઈમાં આત્મવિશ્વાસ જરૂર છે અને એ ધાર્યુ કરી પણ શકે છે, પરંતુ ક્યારેક એમની વાણીમાં અભિમાનની છાંટ વર્તાય છે અને જ્યારે માણસમાં અભિમાન પ્રવેશ કરે છે ત્યારે એનું પતન નિશ્ચિતપણે થાય છે.**

**વડાપ્રધાને કદાચ એવું કીધું હોત કે ૨૦૨૪ માં જો જનતા જનાર્દન મારી સરકારમાં વિશ્વાસ રાખશે અને મને દેશની સેવા કરવાનો મોકો આપશે તો જરુરથી, હું આ લાલકિલ્લા ઊપરથી જનતાને સંબોધિત કરીશ. ખેર, દરેક વ્યક્તિ લોકશાહીમાં પોતપોતાની રીતે આ બાબતનું અર્થઘટન કરી શકે છે. સિક્કાની બે બાજુ છે, અને જનતા સારૂં નરસું વિચારી શકે એવી સમજદાર પણ છે. (આમાં મેં મારા પોતાના અંગત વિચારો વ્યક્ત કર્યા છે, દરેક વ્યક્તિ મારા વિચારો સાથે સંમત થાય એ જરૂરી નથી).**
**યોગેશભાઈ આર જોશી**

## 'ગ્લોબલ ઇન્ટરફેઇથ યુનિટી પ્રાઇઝ - ૨૦૨૩' અમેરિકામાં આચાર્ય લોકેશજીને સમર્પિત



વિશ્વ શાંતિ દૂત અને જાણીતા જૈન આચાર્ય ડૉ. લોકેશજીને શિકાગોના બેથેલ મેનોનાઈટ કોમ્યુનિટી ચર્ચ ખાતે આયોજિત વિશેષ કાર્યક્રમમાં 'ગ્લોબલ ઈન્ટરફેઈથ યુનિટી પ્રાઈઝ - ૨૦૨૩' એનાયત કરવામાં આવ્યો હતો. આચાર્ય લોકેશજીને વૈશ્વિક, સાંસ્કૃતિક અને માનવીય મૂલ્યોના ઉત્થાન અને વિશ્વ શાંતિ અને સંવાદિતાના સંવર્ધન અને સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન બદલ આ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. આચાર્ય લોકેશજીને અમેરિકાના વરિષ્ઠ કોંગ્રેસમેન ડેની કે. ડેવિસ, કૂક કાઉન્ટી કમિશનર ડેનિસ ડીયર, એ.એમ.ઈ.સી ગવર્નર ડૉ. ઝેનોબિયા સોવેલ અને એ.એમ.ઈ.સી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નવીન કર્ણાના હસ્તે આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજીએ આ સન્માન બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ સન્માન માત્ર મારું સન્માન નથી, સમગ્ર પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સન્માન છે, તે ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ છે. આ પ્રસંગે વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, 'ભારતીય સંસ્કૃતિ એ બહુમતીવાદી સંસ્કૃતિ છે. વિવિધતામાં એકતા એ તેની મૂળભૂત લાક્ષણિકતા છે. આચાર્યશ્રીએ કહ્યું કે વિશ્વ શાંતિ અને સૌહાર્દ માટે જરૂરી છે કે તમામ ધર્મો, વર્ગો અને સંપ્રદાયો સાથે મળીને સુમેળથી કામ કરે. ધર્મ સમાજના વિકાસના માર્ગમાં ન આવવો જોઈએ, આ માટે ધર્મગુરુ પોતાના અનુયાયીઓને જણાવે તે જરૂરી છે કે ધર્મે હંમેશા સૌ સાથે મળીને રહેવાનું શીખવ્યું છે, તમામ ધર્મો વિકાસનો માર્ગ મોકળો કરે છે.

તમામ ધર્મ અને સંપ્રદાયો માનવતા શીખવે છે, ધર્મ વિકાસની વિરુદ્ધ નથી, જ્યારે વિકાસ આધ્યાત્મિકતાના પાયા પર હોય છે ત્યારે તે વરદાન બની જાય છે. ધર્મના ક્ષેત્રમાં હિંસા અને નફરતને કોઈ સ્થાન ન હોઈ શકે. સંવાદ દ્વારા, સાથે બેસીને દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. તેના માટે સૌથી પહેલા જરૂરી છે કે આપણે આપણા અસ્તિત્વની જેમ બીજાના અસ્તિત્વ અને મંતવ્યોનો આદર કરતા શીખીએ. મતભેદ હોઈ શકે છે પરંતુ તેને મનભેદમાં ફેરવશો નહી. વરિષ્ઠ યુએસ કોંગ્રેસમેન ડેની કે ડેવિસે જણાવ્યું હતું કે આચાર્ય લોકેશે વિશ્વ શાંતિ, સંવાદિતાની સ્થાપના અને આંતર-ધાર્મિક સંવાદના ક્ષેત્રમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે. તે વિશ્વની જનતા માટે આશાનું કિરણ છે જે હંમેશા વિશ્વમાં આતંકવાદ, હિંસા અને ભેદભાવને ખતમ કરવા પ્રયત્નશીલ રહે છે. ડેવિડે કહ્યું કે આચાર્ય લોકેશજી માનવતાના મસીહા છે જે કોઈપણ દેશની સીમાઓથી આગળ માનવતાના કાર્ય માટે હંમેશા તત્પર રહે છે.

આ પ્રસંગે, બેથેલ મેનોનાઈટ કોમ્યુનિટી ચર્ચના પાદરી રેવરેન્ડ ટોની બિઆન્સી, બોર્ડના પ્રમુખ ડો. ઝેનોબિયા સોવેલ, એવોર્ડ જ્યુરીના પ્રમુખ ડો. વિજય જી. પ્રભાકર પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની રંજન દીદી દ્વારા મહિલાઓ માટે 'ઘર બને મંદિર' વિષય પર એક અનોખુ સમ્મેલન




પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના ૨૦ પ્રભાગ પૈકીના સમાજ સેવા પ્રભાગ દ્વારા ઘર પરિવારના તમામ સભ્યોને એક બીજાને સમજી, ખભે ખભા મીલાવી ઘર પરિવાર ને સુખી બનાવવાની સાચી દિશા પ્રશસ્ત કરવા સમગ્ર ભારતભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવતાં હોય છે.

જે અંતર્ગત ૨૦, ઓગસ્ટ, રવિવારે સાંજે ૪.૩૦ વાગે બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર.૧, રાંદેસણ, ગાંધીનગર ખાતે સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની રંજન દીદી દ્વારા મહિલાઓ માટે 'ઘર બને મંદિર' વિષય પર એક અનોખુ સમ્મેલન રાખવામાં આવેલ છે. જેના મુખ્ય વક્તા બ્રહ્માકુમારીઝ, પશ્ચિમ રાજસ્થાનના ભીનમાલ અને તેના સંબંધિત કેન્દ્રોના પ્રભારી અને 'હારમની ઈન રિલેશન' ટોપિકના પ્રખર વક્તા ડૉ.બી.કે.ગીતાબેને વિષય ને છણાવટ સાથે સુંદર રીતે રજૂ કરી ઉપસ્થિત એક જ કુટુંબની સાસુ અને વહુ વચ્ચે આદર, પ્રેમ અને અહોભાવયુક્ત અનોખો સુમેળ ઉભો કરેલ ફળસ્વરૂપ સાસુએ વહું ને જ ઘરની લક્ષ્મી તરીકે સ્વીકારી, આરતી ઉતારી, 'ઘર મંદિર સે નહીં હો કમ' એ કૃતિ ને સાચી ઠેરવેલ.

સંમેલનમાં મંચસ્થ બ્રહ્માકુમારીઝ સેક્ટર.૨૮,ગાંધીનગર પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી, જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગરના પ્રમુખ ભગિની ચેતનાબેન બુચ, ગાંધીનગર મહાનગર પાલિકાના દંડક તેજલબેન અને બ્રહ્માકુમારીઝ સરગાસણ પ્રભારી બી.કે.મેઘાબેનની વિશેષ ઉપસ્થિતિ એ સૌ નારી શક્તિના ઉમંગ ઉત્સાહમાં અનેક ગણી વૃદ્ધિ કરેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતિમાં સૌ ભગીનીઓ સંબંધનું સાચું મૂલ્ય સમજી, ઘર ને મંદિર બનાવવાના મક્કમ નિર્ધાર સાથે પોતાના પરિવાર માટે કોઈ મોટો ખજાનો પ્રાપ્તિ કરી સમૃદ્ધ બની ને જઈ રહી હોય તેવું લાગી રહ્યું હતું.

# બાવળા ખાતે કાલુપુર ભોઈવાડાની પોળ ના ડોસલાદાદા અને ગોપનાથદાદાના શ્રાવણ માસમાં દર્શન!!



કાલુપુર ભોઈવાડાની પોળ, ઝકરિયા મસ્જિદ સામે, રિલીફ રોડ ના ડોસલાદાદા અને ગોપનાથદાદા ને બાવળા પધરાવવામાં આવેલ છે પવિત્ર શ્રાવણ માસમાં પોળ ના રહીશો તેમજ અન્ય દર્શનાર્થીઓ સરળતાથી દર્શન કરાય તૈવી વ્યવસ્થા કરાઈ હોવાનું પોળ ના પૂર્વ રહીશ મનહરસિંહ વાઘેલા એ જણાવ્યું છે

# લુણાવાડા તાલુકાની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં ધો.૧થીપ નો બાળમેળો યોજાયો



મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ઝારા પગાર કેન્દ્રની નાળના મુવાડા પ્રાથમિક શાળામાં જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પે?રિત અને ડાયટ સંતરામપુર દ્વારા આયોજિત ધોરણ ૧થીપ નો બાળમેળો યોજાયો તા.૧૭ ઓગષ્ટના રોજ યોજાયો હતો.જેમાં બાળકોને શાળાના શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલના માર્ગદર્શન હેઠળ ચિત્રો દોરવા,રંગપૂરણી, ચીટકકામ, મહેંદી, બાળવાર્તા, બાળગીત, વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી અને લીબુ ચમચી,સંગીત ખુરશી,ત્રિ પગી દોડ જેવી વિવિધ બાળરમતો રમાડવામાં આવી હતી.શાળાના તમામ બાળકોએ ખુબ જ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો અને શાળાના સમગ્ર પરિસર આનંદનો માહોલ જોવા મળ્યો હતો.શાળામાં ગા?મજનોની પણ? વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને આનંદ વ્યક્ત કર્યો હતો.

# અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય શ્રી કમલમ્ - અરવલ્લી ખાતે મતદાતા ચેતના અભિયાન અંગે વર્કશોપ યોજાયો...



અરવલ્લી ભાજપા કાર્યાલય કમલમમાંવર્કશોપ અનુસંધાને મતદાનની તાકાત લોકતંત્રમાં સૌથી મોટી તાકાત છે. મતદાન લાખો લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારું સૌથી પ્રભાવી સાધન છે

મતદાતા યાદીની ચકાસણી માટે કાર્યકર્તાઓને સક્રિય કરવા અંગે નો વર્કશોપ યોજાયો હતો તે અંગે નવા મતદારોનો ઉમેરો અને અનધિકૃત/મત મતદારોને કાઢી નાખવા, મતદાર યાદીમાં સુધારો કરવો, વહીવટી અધિકારીઓ સાથે સંકલન કરી વહીવટી અધિકારીઓના કાર્યમાં પારદર્શિતા લાવવી, મતદાર જનસંપર્ક અને જનતાની સહાય અભિયાન નો મુખ્ય. ઉદ્દેશ છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ હાલની મતદાતા યાદીની ચકાસણી માટે ભાજપ મતદાતા ચેતના અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, મતદાતા યાદીની સકાસણી માટે કાર્યકર્તાઓને સક્રિય કરવા જિલ્લા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઇ પટેલ, રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહ પરમાર, શ્રી હિતેન્દ્રભાઇ પટેલ, જિલ્લા મહામંત્રી શ્રી ભીખાજી ઠાકોર, શ્રી જગદીશભાવસાર પ્રદેશ કારોબારી સભ્ય.શ્રી શામળભાઇ પટેલ ની ઉપસ્થિતિમાં આ વરિકશોપ માં સંગઠનના હોદ્દેદારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

# સાબરકાંઠા જિલ્લા આચાર્ય ભરતી કેમ્પમા અંબાનુ ધામ એવા ખેડબ્રહ્મા તાલુકાની "આરડેકતા ઇન્સ્ટિટયૂટ નવી મેત્રાલ મુકામે યોજાયો

સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી મીતાબેન ગઢવી મેડમની નિશ્રામા તારીખ ૩૧ જુલાઈ થી શરૂ થયેલ કેમ્પ ૨૦ ઓગસ્ટ ના રોજ સંપન્ન થયો.. જિલ્લાની કુલ ૯૫ સ્કૂલોમા આચાર્યોની ખૂબ શાંતિપૂર્ણ માહોલમા વિના વિઘ્ને નિયુક્તિ કરવામા આવી આજનો સમાપન સમારંભ આર્ડેકતા ઈન્સ્ટિટયૂટ કે જેમા ૨૫ જેટલી અનેકવિધ કોલેજો ચાલે છે તેના વડા આર. ડી. પટેલની અધ્યક્ષતામા યોજાયો આ પ્રસંગે ડી. ઈ. ઓ. ગઢવી મેડમે આર. ડી. પટેલનુ અભિવાદન કરેલ અને સરસ મજાની વ્યવસ્થા આપવા બદલ પ્રશસ્તિપત્ર સાલ અને મોમેન્ટ દ્વારા ધન્યવાદ પાઠવ્યા હતા આ પ્રસંગે એજ્યુકેશન ઈન્સ્પેક્ટર તરુણાબેન પટેલ, જયંતીભાઈ ચૌધરી તથા સંદીપભાઈ તથા ઓફિસ સુપ્રીટેન્ડેન્ટ કાગ ઉપસ્થિત રહ્યા હતા સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ કિરણભાઈ પટેલે સ્વાગત અભિવાદન કરેલ રાજ્ય આચાર્ય સંઘના પ્રવક્તા ભાનુભાઈ પટેલે આચાર્ય ભરતી કેમ્પનુ સફળ સંચાલન અને સુકાન સંભાળવા બદલ ડી. ઇ. ઓ. મેડમનો આભાર માન્યો હતો

સમગ્ર ભરતી કેમ્પ દરમિયાન પોતાની અમૂલ્ય સેવા આપનાર પાંચ ઉપપ્રમુખઓ જેમા ગજેન્દ્રભાઈ પટેલ સુનિલભાઈ પટેલ મોઘજીભાઈ, પટેલ ગણવંતસિંહ, ચંપાવત જીતેન્દ્રસિંહ કુંપાવત અને મહામંત્રી ભરતભાઈ પટેલને બિરદાવવામા આવ્યા આ ઉપરાંત અધ્યક્ષ હરેશ પટેલ, સંચાલક મંડળના પ્રમુખ આર.ડી દાદા, તેમજ ભરતભાઈ પટેલ, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ અને બોર્ડ સભ્ય એચ.ડી. પટેલ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ અજીતભાઈ પટેલ, વહીવટી સંઘના પ્રમુખ પ્રવિણસિંહ રાણાના યોગદાનની નોંધ લેવામા આવેલ આભાર દર્શન પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલે કરેલ સમારંભનુ સફળ સંચાલન ખેડબ્રહ્મા તાલુકા આચાર્ય સંઘ પ્રમુખ અને જ્યોતિ હાઈસ્કૂલના આચાર્ય સુરેશકુમાર એસ. પટેલે ભાવસભર શૈલીમા કરેલ કાર્યક્રમને અંતે સૌ મનગમતુ ભાવ ભોજન લઈને વિદાય થયા હતા

# ઈમરજન્સીમાં મુશ્કેલી પડતી હોવાનો આક્ષેપ:નવા બની રહેલા ડેપોમાં દવાખાનું બનાવવા માગ

એસ ટી નિગમ દ્વારા જૂના બસ ડેપોને તોડીને તેની જગ્યાએ નવા બસ પોર્ટ બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે તેમાં ડ્રાઈવર, કંડક્ટર સહિતના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્યલક્ષી સેવા મળી રહે તે માટે દવાખાનું બનાવવામાં આવે તેવી માંગણી સાથે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશને એસ ટી નિગમમાં રજુઆત કરી છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા હાલમાં જૂના અને જર્જરીત એસ ટી બસ ડેપો તોડીને તેને અદ્યતન કોર્પોરેટર લુક આપવામાં આવે છે. ઉપરાંત બસ ડેપોને આવક થાય તે માટે તેને ફરતે દુકાનો બનાવીને તેને ભાડે આપવામાં આવી રહી છે. જોકે એસ ટી નિગમ દ્વારા નવા બનાવવામાં આવી રહેલા બસ ડેપોને બસ પોર્ટ નામ આપવામાં આવે છે. પરંતુ તેમાં એસ ટી નિગમના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્ય સેવા મળી રહે તે માટે દવાખાનાની કોઇ જ વ્યવસ્થા કરવામાં આવતી નથી. જેને પરિણામે એસ ટી ડેપોના ડ્રાઈવર અને કંડક્ટર, મિકેનિકલ તેમજ વહિવટી સહિતના કર્મચારીઓને ઈમરજન્સી આરોગ્ય સેવા માટે નજીકની હોસ્પિટલ કે દવાખાનામાં જવાની ફરજ પડે છે. ત્યારે એસ ટી નિગમના કર્મચારીઓને તાત્કાલિક આરોગ્યલક્ષી સારવાર ડેપોમાં જ મળી રહે તે માટે બસ પોર્ટમાં જ દવાખાનાની સુવિધા ઉભી કરવામાં આવે તેવી માંગણી સાથે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશને એસ ટી નિગમના ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકને રજુઆત કરી છે.

# ટાટ ઉમેદવારો રજૂઆત કરે તે પહેલા જ પોલીસે ટિંગા ટોળી કરીને ૧૫૦થી વધુની અટકાયત કરી

રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કરાર આધારીત જ્ઞાન સહાયકોની ભરતી બંધ કરીને કાયમી ભરતી કરવાની માંગણી સાથે ટાટ અને ટેટ પાસ ઉમેદવારો સોમવારે રજૂઆત માટે ગાંધીનગર પહોંચ્યા આવતા હતા. જોકે ગાંધીનગર આવે તે પહેલાં જ પોલીસે આ ઉમેદવારોને અંબાપુર પાસે જ અટકાવી ટીંગ ટોળી કરીને પોલીસવાનમાં બેસાડી અટકાયત કરી લીધી હતી.રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાયમી શિક્ષકોની ભરતી કરાશે નહી. તેમ રાજ્યના શિક્ષણ વિભાગે હવે જ્ઞાન સહાયકની ભરતીની જાહેરાત પરથી લાગી રહ્યું છે. જોકે ૧૧ માસના કરાર આધારીત જ્ઞાન સહાયકોની ભરતી માટે પણ ટેટ પાસની લાયકાત નક્કી કરવામાં આવી છે.આથી શિક્ષક બનવાનું ઉમેદવારોનું સ્વપ્ન ચકનાચૂર થઈ રહ્યું છે, જ્યારે જ્ઞાન સહાયકની ભરતી કરવા માટે ટેટ પરીક્ષા લેવામાં આવી રહી હોય તો રાજ્યના શિક્ષણ વિભાગે પણ તેની કાયમી ભરતી કરવી જોઈએ તેવી માંગણી ટેટ પાસ ઉમેદવારોમાં ઉઠવા પામી છે.જોકે કરાર આધારીત નહી પરંતુ કાયમી જ્ઞાન સહાયકની ભરતી કરવાની માંગણી સાથે ટેટ પાસ ઉમેદવારોએ રાજ્યના શિક્ષણ મંત્રી અને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત છતાં કોઈ જ નિર્ણય સરકાર કે શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવ્યો નથી.

# અમેરીકા-કેલિફોર્નિયાના નોર્વોક ખાતે આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિર માં અધિક શ્રાવણ માસ નિમિત્તે શ્રીમદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ યોજાઈ ગયો....



અમેરીકાના કેલિફોર્નિયાના નોર્વોકમાં આવેલ શ્રી રાધાકૃષ્ણ મંદિરમા અધિક શ્રાવણ માસ ( જે વિશેષ ૧૯ વર્ષ પછી આવ્યો છે ) નિમિત્તે તારીખ ૬ ઓગસ્ટ થી ૧૨ સુધી શ્રી મદ ભાગવત કથા જ્ઞાન યજ્ઞ નું ૨૦૧ પોથી સાથે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઓગસ્ટ ૧૩ ના રોજ ૨૦૧ પોથી સાથે કરવામાં આવેલ આ સપ્તાહ માં વ્યાસ પીઠ પર શાસ્ત્રીશ્રી ભરતભાઈ રાજગોરે બિરાજી પોતાની આગવી શૈલીમાં કથાનું રસપાન હાજર ભાવિકોને કરાવ્યું હતું. આ કથામાં રોજ લગભગ ૪૫૦ થી વધુ ભાવિકો મંત્રમુગ્ધ બની કથા શ્રવણ કરતાં હતા. શાસ્ત્રીજી સાથે સંગીતમાં શ્રી સંજીવભાઈ મુન્સી,વિલાસભાઈ જાધવ અને રાધાપ્રસાદે સુંદર સાથે આપેલ... કથા પ્રારંભ પહેલાં રોજ પ્રારંભિક ૧૫ મિનિટ પૂંજા નું સંચાલન તેમજ આયોજન માં શસ્ત્રીશ્રી મતિ નલિનીબેન રાજગોર ના માર્ગ દર્શનમાં શ્રી નિલેશભાઈ દેસાઈ,વિરેશભાઈ દેસાઈ, પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલ તેમજ તમામ સેવાર્થીઓ નો ખૂબ સહયોગ પ્રાપ્ત થતો હતો તેમજ રોજ મહાપ્રસાદ ની સેવા જુદા જુદા ભાઈઓ દ્વારા પ્રાપ્ત થતી હતી. મંડપ ની સજાવટ ખૂબજ સુંદર હતી. આ જવાબદારી શ્રી વિલાસભાઈ એ ઉઠાવી હતી.

યજમાનો એ ખૂબ ઉદારતા સાથે સહયોગ આપ્યો હતો. ઓગસ્ટ ૧૩ મી ના યજ્ઞ પછી બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભજનિકો દ્વારા ભજન નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બધાજ ભક્તજનોએ આ સંપૂર્ણ કાર્યક્રમ ઉત્સાહ થી માણ્યો હતો અને પ્રસંસતા વ્યક્ત કરી હતી. (માહિતી :-અને તસ્વિર:- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા)

# ધી એકલિંગજી ક્રેડિટ કો ઓ સો લી મોડાસી ની ૧૧ મી વાર્ષિક સામાન્ય સભા સંસ્કૃત પાઠશાળા મા યોજાઈ



ધી એકલિંગજી ક્રેડિટ કો.સો.લિ.મોડાસાની ૧૧મી વાર્ષિક સામાન્ય સભા બ્રહ્મ સમાજ ના કર્મષ્ઠ અગ્રણી ભરતભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી સામાન્ય સભાની શરૂઆત મંડળીના ડિરેક્ટર ભુપેન્દ્રભાઈ ગોરે માં સરસ્વતીની વંદના પ્રાર્થના સાથે કરાવી હતી.વર્ષ દરમ્યાન સમાજના મૃતક મોભીઓને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.મંડળી ના ઉત્સાહી પ્રથમ મહિલા ચેરમેન અર્ચનાબહેન જોષીએ ઉપસ્થિત મંડળી ના સૌ હોદ્દેદારાઓ વા.ચેરમેન ડીરેકટરો અને સભાસદો ને આવકાર્યા હતા અને સૌ નુ શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા અને મંડળી ને નવી ઉચાઈ નહપર લઈ જવા નેમ વ્યક્ત કરી હતી . સમાજ ના વિશિષ્ટ પ્રતિભા ધરાવતા અને સિનિયર સિટીઝન અને જેમણે મંડળીની પ્રગતિમાં જેમનો સિંહ ફાળો રહેલો છે તેવા સભાસદો નુ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યુ હતું .મંડળીના મેનેજિંગ ડિરેક્ટર બ્રિજેશભાઈ ઉપાધ્યાયે પોતાના શાબ્દિક પ્રવચનમાં ૧૧ મી વાર્ષીક સાધારણ સભા મા મંડળીની સ્થિતિ અંગે ચિતાર આપવામાં આવ્યો મંડળીના પ્રગતિના શીખરો સર કરવા માટે આગળ વધી રહી છે. મિલકત લોન અને એચપી લોન ની મર્યાદા જે પાંચ લાખ રૂપિયા હતી તેમાં સુધારો કરીને ૧૫ થી ૨૦ લાખ રૂપિયા સુધીનો કરવામાં આવ્યો છે તેમજ સભાસદ વ્યકિત લોન ની મર્યાદા એક લાખથી વધારીને બે લાખ સુધી કરવામાં આવી છે તેના માટે વાકેફ કરવામાં આવ્યા. સર્વે સભાસદોને યોગ્ય સહકાર આપવા માટે પણ જણાવવામાં આવ્યું .સભાના અધ્યક્ષ શ્રી ભરતભાઈ જોષી એ પણ મંડળી ના દસ વર્ષના વિકાસની ગાથા રજૂ કરી હતી અને ૧૧ માં વર્ષમાં પ્રવેશ કરતા વધુ વિકાસ વંતી બને તેવી આશા વ્યક્ત કરી સૌ ને શુભકામનાઓ પાઠવી હતી સાધારણ સભા ના અંતે આભારવિધી પંકજભાઈ ઉપાધ્યાયે કરી સૌ સભાસદો નો આ પ્રસંગે આભાર વ્યક્ત કર્યો હતો.

# વડોદરાના સન ફાર્મા રોડ ઉપર આવેલા ડંકેશ્વર મહાદેવ મંદિર ખાતે થતી ભસ્મ આરતીનું મહત્વ !!

(વડોદરા) શ્રાવણ મહિનો એટલે ભોળા શંભૂ શિવની ભક્તિનો મહિનો, શ્રાવણમાં ભગવાન શિવની પૂજા, અર્ચના અને આરાધના કરીને ભક્તો આશીર્વાદ પામે છે. હિન્દુ ધર્મમાં શ્રાવણ મહિનાનું આગવું મહત્વ રહેલું છે. ત્યારે ભગવાન શિવના ૧૨ જયાર્તિલિંગમાંથી એક ઉજજૈનમાં આવેલ મહાકાલેશ્વર જ્યોર્તિલિંગમાં રોજ ભસ્મની આરતી થાય છે તેવી જ રીતે વડોદરા શહેર ના સનફાર્મા રોડ ઉપર આવેલા ડંકેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસ ના દર સોમવારે ભસ્મથી જ ભગવાનનો શણગાર કરવામાં આવે છે અને આરતી કરવામાં આવે છે.

હાલ માં ચાલી રહેલા પવિત્ર શ્રાવણ માસ માં શહેર ના વિવિધ શિવાલયો માં શિવ પૂજા અને આરતી નું મહત્વ વિશેષ જોવા મળે છે ત્યારે શહેર ના સનફાર્મા રોડ ઉપર આવેલ આર્મપાલી વિસ્તાર માં આવેલા ડંકેશ્વર મહાદેવ મંદિર ખાતે શિવજી ની અતિ પ્રિય ભસ્મ દ્વારા શ્રાવણ માસ ના દર સોમવારે ભસ્મ આરતી આયોજકો દ્વારા કરવામાં આવે છે જેના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યા માં ઉમટી પડે છે

આ આરતી પાછળ ઘણી માન્યતાઓ પ્રચલિત છે. ભસ્મને સૃષ્ટિનો સાર માનવામાં આવ્યો છે. એક દિવસ એવો આવશે કે સમગ્ર સૃષ્ટિનો નાશ થઇ જશે અને તે રાખમાં ફેરવાઇ જશે, આ રાખ શિવજી ધારણ કરે છે. જ્યારે સંસારનો નાશ થશે ત્યારે દરેક પ્રાણીઓની આત્મા અને આખી સૃષ્ટિ શિવજીમાં જ વિલીન થઇ જશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.